**ક્રિ.કેસ.નં.૩૮૮/૨૦૨૫**

## : આંક–૧ નીચે હુકમ :

આજ રોજ નામદાર નેશનલ લીગલ સર્વિસ ઓથોરીટીઝના ઉપક્રમે નેશનલ લોક અદાલતનું આયોજન કરવામાં આવેલ છે અને નામદાર ગુજરાત રાજય કાનુની સેવા સત્તા મંડળના તથા નામદાર જીલ્લા અદાલતના આદેશ મુજબ આજ રોજ સ્પેશ્યલ સીટીંગ રાખેલ છે.

સદરહું કેસનું રેકર્ડ જોવામાં આવેતો,કેસ જુનો છે. આરોપી સામે આક્ષેપીત ગુન્હાની સજાની જોગવાઈ ધ્યાને લેતાં કેસ સમંસ/સમરી ટ્રાયેબલ છે. કેસનું રોજકામ જોવામાં આવેતો, આરોપી સામે સમયાંતરે અને વારંવાર કોર્ટ ધ્વારા પ્રોસેસ કાઢવામાં આવેલ છે. પરંતુ આરોપીની સામે કાઢવામાં આવેલ પ્રોસેસ પોલીસ તરફથી વગર બજે પરત ફરેલ નથી કે આરોપી અદાલત સમક્ષ હાજર થયેલ નથી કે ફરીયાદ પક્ષ આરોપીને હાજર રખાવવામાં સફળ થયેલ નથી. આમ સદર કેસ ઘણા લાંબા સમયથી આરોપીની ગેરહાજરીને કારણે પેન્ડીંગ છે. જેથી ન્યાયીક કાર્યવાહી આગળ ચાલી શકતી નથી. આથી, આરોપીને અદાલત સમક્ષ હાજર કરવા બાબતે પોલીસતંત્રને હવે વધુ તકો આપવી ઉચીત જણાતું નથી.

<u>પી.રામચંદ્ર.વિ. કર્ણાટક રાજય–૨૦૦૨(૨)જી.એલ.આર.પાના.નં.૧૫૪૯</u> ઉપર પ્રસિધ્ધ થયેલ નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદામાં માનનીય સાત ન્યાયાધીશોની ખંડપીઠે ઠરાવેલ છે કે., " The Criminal Courts should exercise their available powers such as those under Sections 309, 311, 258 of the Code of Criminal Procedure, 1973 to effectuate the right to speedy trial ". આ ઉપરાંત આપણી નામદાર હાઈકોર્ટના પરિપત્ર નં.૨૯૧૭/૨૦૦૬,તા.૧૭/૧૦/૨૦૦૬ માં નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા નીચલી અદાલતોને એવી સુચના આપવામાં આવેલ છે કે, આરોપીઓને અદાલત સમક્ષ હાજર રખાવવા બાબતે અદાલતો પોલીસ તંત્રને મર્યાદીત તકો આપી યોગ્ય કિસ્સાઓમાં સીઆરપીસી ની કલમ–૨૫૮(હાલ બીએનએસએસની કલમ–૨૮૧) અન્વયે મળેલ સત્તાઓનો ઉપયોગ કરે.

આથી કેસની હકીકતો, કેસની ન્યાયિક કાર્યવાહીનો પ્રકાર તેમજ આરોપીની હાજરી મળી આવતી ન હોય તેમજ પોલીસ તંત્ર આરોપીને અદાલત સમક્ષ હાજર રખાવવામાં નિષ્ફળ નિવડેલ હોય અને હવે વધુ સમય પોલીસતંત્ર ને આપવો ઉચીત જણાતો ન હોઈ, નામદાર સર્વોચ્ચ અદાલતના ઉપરોકત ચુકાદામાં આપેલ ગાઈડલાઈનને ધ્યાને લેતાં , અત્રેની અદાલતને બીએનએસએસ ની કલમ–૨૮૧ ની જોગવાઈ અન્વયે કેસની કાર્યવાહી બંધ કરવાનો હુકમ કરવો વ્યાજબી અને ન્યાયોચીત જણાઈ આવે છે. આથી, નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

### –: હુકમ :–

૧. બીએનએસએસ ની કલમ–૨૮૧ મુજબ આરોપી સામેના કેસની કાર્યવાહી બંધ કરવાનો હુકમ કરવામાં આવે છે. તેમછતાં,પોલીસ આરોપીની શોધખોળ કરી મળી આવે તો ફરી ચાર્જશીટ કરી શકશે.

૨. આરોપીના જાતમુચરકો તથા જામીન ખત રદ કરવામાં આવે છે. જો આરોપીએ જામીનગીરી પેટે રોકડ રકમ જમા કરાવેલી હોય તો તે નાઝર શ્રીએ ભારતીય નાગરીક સુરક્ષા સંહીતની ની કલમ–૪૯૧ અન્વયે સરકાર શ્રી ખાતે જમા લેવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આ કામે કબ્જે લીધેલ મુદદામાલ અંગે જો વચગાળાનો હુકમ અગાઉ થયેલ હોય તો તે કાયમ રાખવામાં આવે છે. અન્યથા બીન–કિંમતી મુદદામાલ કે કિંમતી મુદદામાલ જો હોય તો તેનો અપીલ સમય બાદ ક્રિમીનલ મેન્યુઅલની જોગવાઈ મુજબ નિયમાનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

તા.૧૪/૦૩/૨૦૨૬ (દામિની દીક્ષિત)
સ્થળ : માણસા પ્રિન્સી.સીવીલ જજ અને જે એમ એફ સી,
માણસા